ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાચું જ... દિવાળી એ લાઈટનો તહેવાર છે... બેંકનો એસ.એમ.એસ. આવ્યો... તમારું કેડીટ કાર્ડનું બેલેન્સ લાઇટ થઈ ગયું છે....!!

# ગાંધીનગર શહેર વિશેનાં કાવ્યોનાં સ્વપઠનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર શહેર વિશે લખાયેલા કાવ્યોના પઠનનો કાર્યક્રમ યોજાયો હતો. વેદના વલોપાત અને વિશેષતાઓ સભર ગાંધીનગર શહેર વિશેના આ કાર્યક્રમમાં સે. ૨૧ ગ્રંથાલયનો પણ સહકાર સાંપડ્યો હતો. આ કાર્યક્રમમાં નગરના ૩૫ જેટલા કવિઓએ સાથ આપી સાહિત્ય ક્ષેત્રે નગરને ધબકતુ રાખવા સહભાગી થયા હતા.

આ પ્રસંગે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા ૧૯૭૩માં ગાંધીનગરમાં યોજાયેલ પ્રથમ કવિ સંમેલનની યાદ તાજી કરતા સાહિત્યકારોને આવકારવામાં આવ્યા હતા. તેમણે સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના સાથેની સરાહના સાથે મંત્રીઓ મુળજીભાઈ, સંજય થોરાત દ્વારા કાવ્ય પઠન સાથે સંચાલનમાં સહભાગી થવાનો યશ પ્રજ્ઞાબેન પટેલને આપી નગરમાં મહાત્માનું નામ ગુંજતુ કરવા તમામ કવિઓના યોગદાનને વધાવ્યું હતું. ગાંધીનગર અંગે કાવ્ય રચનાનો ખ્યાલ અને અમલ માટે કવિ કિશોર જીદાકરા, સુધીર દેસાઈ, મયુરભાઈ વ્યાસ, કશ્યપ મહેતા, કે.પી. પરમાર, મહેન્દ્ર ચૌહાણ વગેરે સાથે સાહિત્ય પરિષદના રમણભાઈ શ્રીમાળીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે તમામ કવિઓને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ગાંધીનગરને ગૌરવ અપાવે તેવી કૃતિઓનું સંકલન કિશોર જીકાદરા દ્વારા કરાયું છે તેને ગ્રંથસ્થ કરવાના સૂચનને આ તબક્કે મહામંડળ દ્વારા આવકારી લેવાયું હતું.



દિવાળી એ માત્ર આર્થિક રીતે સંપન્ન પરિવારનો તહેવાર નથી પરંતુ સમાજનો દરેક વર્ગ એનો આનંદ લઈ શકે એવી ભાવના લીઓ કલબ ગાંધીનગરે દર્શાવી છે.

લીઓ કલબના પ્રમુખ સંકેત ગોરની આગેવાની હેઠળ વિવેકસિંહ ચૌહાણ, કથન ત્રિવેદી, મૌલિક ચૌધરી, મોહિત જય સિંઘાણી અને વિનય સિંઘાણીએ ભેગા મળી ૩૦૦ પેકેટ દિવાળી ગિફટના બનાવ્યા હતા અને શ્રમજીવી વિસ્તારમાં આપવા માટે નીકળ્યા હતા. જેનાથી ગરીબ બાળકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી. શ્રમજીવી પરિવારમાં દિવાળીની ચમકના ભાગીદાર બનવા બદલ લીઓ કલબની આ યુવા ટીમ ધન્યવાદને પાત્ર છે.

# સે. ૩ સાંઈ મંદિરે ગુરૂવારે અન્નકૂટ

ગાંધીનગર, તા.૧૦

તા. ૧૨-૧૧-૧૫ ગુરુવારના રોજ સવારના ૭ થી સાંજના સાત વાગ્યા સુધી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ-ગાંધીનગર, સે-૩ દ્વારા અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

નવા વર્ષે સવારના પથી રાત્રીના ૮.૩૦ સુધી પેંડાનો પ્રસાદ આપવામાં આવશે તેમજ આરતીનો સમય સવારે ૫.૩૦, ૭.૦૦, બપોરના ૧૨.૦૦ કલાકે તેમજ સાંજના ૫.૩૦ અને ૬.૩૦નો રહેશે. શયન આરતી રાત્રે ૮.૩૦ કલાકે રાખેલ છે તેમ મેનેજીંગ ટ્રસ્ટી નરસિંહભાઈ પરમારે અખબારી યાદી દ્વારા જણાવ્યું છે છે અને સૌને નવા વર્ષના સાલ મુબારક પાઠવ્યા છે.

# ગોવર્ધનનાથજીની હવેલી ખાતે દર્શનના સમયમાં ફેરફાર

સે-૨૧ સ્થિત ગોવર્ધનાથજીની હવેલી ખાતે દિવાળી અને નૂતનવર્ષના દિવસ દરમિયાન દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે મંગળા આરતી સવારે ૯.૩૦ થી ૮.૦૦ કલાક, શૃંગાર ૯.૩૦ થી ૧૦.૦૦ કલાક, રાજભોગ ૧૧.૦૦ થી ૧૧.૩૦ કલાક, ઉત્થાપન બપોરે ૪.૦૦થી ૪.૦૫ કલાકે સંધ્યા આરતી ૪.૩૦થી ૫.૦૦ કલાક, શયન આરતી ૬.૦૦ થી ૬.૩૦ કલાકે કરવામાં આવશે. તેમજ શયનમાં કાન જગાઈ, હાંડી, દિપ માલીકાના દર્શન થશે.

ઉપરાંત નૂતનવર્ષના રોજ મંગળા ૬.૦૦ થી ૬.૩૦ કલાકે શૃંગાર અને રાજભોગ ભીતરમાં કરાશે. ગૌવર્ધનપૂજા સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવશે તેમજ અન્નકૂટ દર્શન બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાકે કરાશે. ઉત્થાપન અને સંધ્યા આરતી ભીતરમાં કરવામાં આવશે તથા શયન આરતી ૬.૦૦થી ૬.૩૦ કલાકે કરવામાંઆવશે.

# કોટિયર્ક પ્રભુના ઓચ્છવની ઉજવણી કરાશે

સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ સેકટર-૨૩ લગ્નવાડી ખાતે કોટિયર્ક પ્રભુનો ઓચ્છવ ઉજવવામાં આવશે. સમાજના જ્ઞાતિજનોએ ઉજવણીમાં સામેલ થવા અંગેના પાસ, વિનય ટ્રેડર્સ, સે-૨૧, રસીકભાઈ ગાંધી હવેલી મંદિર, સે-૨૧, ડી.એફ.શાહ-રીચા ઈન્ફોસીટી પ્રા.લી. શાલીન કોમ્પ્લેક્ષ-સે-૧૧ અને મહેન્દ્રભાઈ શાહના નિવાસ સ્થાન પ્લોટ નં. ૮૨૩, સે-૨-સી ખાતેથી તા. ૨૦ નવેમ્બર સુધીમાં મેળવી લેવા સમાજના મંત્રી એચ.એચ. ગાંધીએ જણાવેલ છે.

# સાદરા જક્ષણી ધામ ખાતે સત્સંગ ભવનનો ભૂમિપૂજન સમારોહ

ગાંધીનગર, તા.૧૦

શ્રી માઈ બાલ મંડળ સાદરા ચેરીટી ટ્રસ્ટ સંચાલિત જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર સાદરા ખાતે આગામી તા. ૧૮ નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે સત્સંગ ભવન અને અતિથિ ભવનના ભૂમિપૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આનંદ મહારાજના કંઠે ભજન સત્સંગ કરવામાં આવશે. આ દરમિયાન સંતો પણ આર્શીવચન પાઠવશે.

આ પ્રસંગે અમદાવાદના જગન્નાથજી મંદિરના મહા મંડલેશ્વર શ્રી ૧૦૮ દિલિપદાસજી મહારાજ તેમજ આચાર્ય ગોસ્વામી ચિન્મયલાલજી મહારાજ, હિતકુમાર મહારાજ, રોહિતકુમાર મહારાજ તથા આનંદજનક મહારાજ ઉપસ્થિત રહેશે.

# વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની આન્સર કી જાહેર કરાઈ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા તાજેતરમાં પૂર્ણ થઈ છે. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પરથી આન્સરકી ડાઉલોડ કરી શકશે. જેની સાથે સરખાવીને પોતે પરીક્ષામાં લખેલ જવાબો સાચા હતા કે નહી તેનું અનુમાન મેળવી શકશે. આન્સરકીમાં કોઈપણ પ્રકારની ભુલ હોય છે. જેને વિષયના નિષ્ણાંત શિક્ષકો તજજ્ઞો, વિદ્યાર્થીઓ અને વાલીઓ શિક્ષણ બોર્ડનું ધ્યાન દોરી શકશે. જોકે આ માટે તેમને ભુલનાં પુરાવા સાથએ શિક્ષણ બોર્ડમાં રજુઆત કરવાની રહશે. બીજી બાજુ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા પૂર્ણ થતા જ દિવાળી વેકેશન ચાલુ થયું છે. તેમજ ત્યાર બાદ શાળાઓનાં શિક્ષકો ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત હોવાથી પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ થઈ શકે છે. જોકે પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ થઈ શકે છે. જોકે શિક્ષણ બોર્ડ દ્વારા દિવાળી બાદ ઉત્તરવહી ચકાસણીની કામગીરી હાથ ધરીને બને તેટલું પરિણામ જાહેર કરવાની ખાત્રી આપવામાં આવી છે.

# સેકટર-૪ ખાતે મહાકાલી માતાજીની આરાધના કરાશે

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૪ ગાંધીનગર વસાહતી વણકર સમાજ દ્વારા તા. ૧૧ નવેમ્બરના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ઓમકારેશ્વર મંદિર પાસે, નવરાત્રી ચોક ખાતે મહાકાલી માતાજીની આરાધના તેમજ ફુલોના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના વિનુભાઈ પરમાર ઉપસ્થિત રહેશે. આ શુભ પ્રસંગે નગરના તમામ નગરજનોને હાજર રહેવા સમાજના પ્રમુખ કિશોરભાઈ પરમારે અનુરોધ કર્યો છે.



પ્રકાશ પર્વ - દિપાવલીના પાવન પર્વે પ્રગટતો અજવાસ તમસો મા જયોર્તિગમયનો દિવ્ય સંદેશ આપે છે. આપણે દિપમાળાના મનોહર દશ્યથી આનંદિત થઈએ છીએ અને જીવનને વધુ પ્રકાશમય બનાવવા પ્રાર્થના કરીએ છીએ. આપણી પ્રસિધ્ધ પંકતિઓ દિપોત્સવ સંદર્ભે સ્મૃતિપટ પર છવાય છે. ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. આવો, આજે અંતરના અજવાસને પ્રગટાવી દિપાવલી ઉજવીએ.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પ્રજા ભાજપને ખરાબ હાર આપશે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૦

બિહારમાં ભાજપનો જે રીતે પરાજય થયો છે તેનાથી પણ વધુ ખરાબ હાર ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રજા આપશે તેવો વિશ્વાસ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વ્યક્ત કર્યો છે.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપ ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે તાજેતરમાં બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજના આગેવાનો અને પ્રધાનમંત્રી પણ ધર્મને આગળ કરી જે રીતે પોતાની જાતને પ્રોજેક્ટ કરી રહ્યા હતા અને ચર્ચાનું સ્તર સાવ નિમ્ન કક્ષાએ લઈ ગયા હતા. તેને બિહારની જનતાએ જડબાતોડ જવાબ આપી દીધો છે.

ચૂંટણીઓમાં જીત થાય તો તેનો સહેરો પોતાના માથે બાંધવો અને ભુંડી હાર થાય તો પાર્ટીના માથે ઠીકરૂ ફોડવું તેવી નીતિ પ્રધાનમંત્રી અને ભાજપના આગેવાનોની રહી છે. જે રીતે બિહારમાં ભાજપની ભુંડી હાર થઈ છે તેનાથી પણ ખરાબ હાર ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં શહેર કે ગ્રામ્ય વિસ્તારોમાં ગુજરાતના સમજદાર મતદારો આપશે તેની મને શ્રધ્ધા છે.

આખા દેશમાં કોઈ પણ રાજયમાં આવનાર ચૂંટણીઓમાં ભાજપ ભુંડી રીતે હારવાનું છે. બિહારની ચૂંટણીની હારની અસર સૌથી પહેલા દિલ્હીની કેન્દ્ર સરકારમાં કેબિનેટમાં ફેરફારો સાથે જોવા મળશે.

તેમણે જણાવ્યું હતું કે આર.એસ.એસ.ના માધ્યમથી રાજકારણમાં હું જોડાયો હતો પરંતુ આજની પરિસ્થિતિ તે વખતની પરિસ્થિતિ કરતા સાવ વિપરીત છે. મોહન ભાગવતનું નિવેદન યોગ્ય હતું કે નહોતુ એવું ભાજપ કે આર.એસ.એસ.ના કોઈ આગેવાન તેમને કહી શકે તેમ નથી.

# નેશનલ એકવેટિક ચેમ્પીયનશીપની બેસ્ટ સ્વીમર કુ. માના પટેલની મુખ્યમંત્રી સાથે મુલાકાત

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની રાજ્યની શ્રેષ્ઠ સ્વીમરની ખ્યાતિ પ્રાપ્ત કુ. માના પટેલે આજે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લઈ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

કુ. માના પટેલ તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી સિનીયર નેશનલ એકવાટિક ચેમ્પીયનશીપમાં શ્રેષ્ઠ તૈરાક જાહેર થઈ છે. તેણે તાજેતરમાં જ તરણ સ્પર્ધામાં એશિયન એઈજ ગૃપ ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ તરણ ક્ષેત્રે ગુજરાતનું નામ ઝળકાવનારી કુ. માના પટેલને ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ આપી હતી. માનાના માતા-પિતાને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

# મહુડી ખાતે ઘંટાકર્ણ મહાવીર ભગવાનની કેસર વિધિમાં શ્રદ્ધાનું ઘોડાપૂર

## લાખો ભાવિકો ઉમટ્યા : કાળી ચૌદશે યોજાતી આ વિધિનું ખાસ મહત્ત્વ : શ્રદ્ધાળુઓએ ચમત્કારિક મંત્રના ૧૦૮ જાપ કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ મહુડી ખાતે ઘંટાકર્ણ મહાવીર ભગવાનની કાળી ચૌદશે કરાતી ખાસ પૂજા કેસરવિધિના દર્શનાર્થે લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. બપોરે બરાબર ૧૨.૩૯ના ટકોરે પ્રભુજીની કેસરવિધિ કરાઈ હતી તેમજ દૂધ પૂજન, આભૂષણ પૂજન સહિત ચમત્કારિક મંત્રના ૧૦૮ જાપનો લાભ અનેક શ્રદ્ધાળુઓએ લીધો હતો.

કાળી ચૌદશના પવિત્ર દિવસે મહુડી ખાતે યોજાતી ઘંટાકર્ણ મહાવીર ભગવાનની કેસરવિધિનું ખૂબ જ મહત્વ છે. અને આ મહિમાના કારણે લાખો શ્રદ્ધાળુઓ દર વર્ષે આ દિવસે દર્શનાર્થે ઉમટી પડે છે. આ દિવસે વહેલી સવારે ૫ કલાકે પદ્મપ્રભુની પ્રક્ષાલ પૂજા યોજાઈ હતી. આ પૂજા માટે જૈન શ્રદ્ધાળુઓ દ્વારા લાખો રૂપિયાનો ચઢાવો બોલવામાં આવે છે. બપોરે બરાબર ૧૨.૩૯ના ટકોરે ઘંટાકર્ણ મહાવીર સ્વામી ભગવાનની કેસરવિધિ યોજવામાં આવી હતી. જેના દર્શનનો લાભ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લીધો હતો.

આ ઉપરાંત આ પ્રસંગે ધૂપપૂજન, આભૂષણ પૂજન, ફૂલ પૂજન જેવી વિધિઓ પણ યોજાઈ હતી. તેમજ શ્રદ્ધાળુઓએ ચમત્કારિક મહાવીર મંત્રના ૧૦૮ જાપ સાથે ગાંઠ વાળવાનો લ્હાવો લીધો હતો.

વર્ષ ૧૯૭૫માં સ્થપાયેલા આ ઐતિહાસિક મંદિરે દર વર્ષે કાળી ચૌદશના દિવસે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટી પડે છે. આજના પ્રસંગે મહુડી મંદિરના આચાર્ય પદ્મસાગરજી મહારાજ સાહેબના શિષ્ય વર્ધમાન સાગરજી મહારાજ સાહેબે શ્રદ્ધાળુઓને વિશ્વશાંતિનો સંદેશો પાઠવ્યો હતો.

# બેસ્ટ પ્રોગ્રામ ઑફિસર રણછોડ રથવીને નગરની સંસ્થાઓ, વ્યક્તિઓના અભિનંદન

ગાંધીનગર, તા.૧૦

શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર અને ગાંધીનગર ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના કો-ઓર્ડીનેટર ડૉ. રણછોડ રથવીને રાજયના એનએસએસના બેસ્ટ પ્રોગ્રામ ઓફીસર તરીકે નેશનલ એવોર્ડ એનાયત કરવા માટે પસંદગી કરવામાં આવી છે. આ બદલ સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ, જુનિયર સીટીજન્સ કાઉન્સીલ અને ગાંધીનગરના ઈન્ડીયન રેડક્રોસના સભ્યો જીલુભા ધાંધલ, એન.પી. પટેલ, ડૉ. પ્રદિપ ગગલાણી, કેતન ધોળુ અને બિનેશ વસાવડા દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ૬૧મી નેશનલ સ્કૂલ ગેઈમ્સમાં ગુજરાતના કબડ્ડી વિજેતા ખેલાડીઓ

ગાંધીનગર, તા. ૧૦

આણંદમાં યોજાયેલી ૬૧મી નેશનલ સ્કૂલ ગેઈમ્સમાં કબડ્ડી ખેલમાં વિજેતા ગુજરાતની ટીમના ખેલાડીઓએ આજે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

નેશનલ સ્કૂલ ગેઈમ્સ ફેડરેશન અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ૧૭ વર્ષથી નીચેની વયના ખેલાડીઓ માટે યોજાયેલી કબડ્ડીની આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ચેમ્પીયનશીપ મેળવી છે.

શ્રીમતી આનંદીબહેને આ વિજેતા યુવા ખેલાડીઓને રાજયનું નામ રોશન કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ ભાવિની શુભકામનાઓ આપી હતી.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, આ સ્પર્ધામાં દેશભરમાંથી કુલ ૨૮ ટીમે ભાગ લીધો હતો તેમાં ગુજરાતે ચેમ્પીયનશીપ મેળવી છે.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ શુભેચ્છા મુલાકાત વેળાએ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડી.જી. શ્રી સંદીપ પ્રધાન, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય ભાદુ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# ગરીબ બાળકોને ફટાકડાનું વિતરણ

ગાંધીનગર સે-૭ના અગ્રણી વેપારી અને સેવાકીય પ્રવૃત્તિ કરતા ગોવિંદભાઈ પ્રજાપતિના પરિવારજનોએ સે-૬ ખાતે રહેતા ગરીબ અને શ્રમિક વર્ગના બાળકને દિપાવલી પર્વમાં ફટાકડાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ફટાકડા કીટ વિતરણ કાર્યક્રમમાં ગોવિંદભાઈ પ્રજાપતિ તેમની પત્ની અને બાળકો પણ જોડાયા હતા અને ૧૫૦ થી વધુ ફટાકડાની કીટનું વિતરણ કરી આ ગરીબ બાળકો સાથે ફટાકડા ફોડી દિવાળીની ઉજવણી કરી હતી. જયારે ગરીબ અને શ્રમિક પરિવારના બાળકના ચહેરા પર અનોખી ખુશી જોવા મળી હતી. કયારે કોઈની ખુશીમાં જ ખુશ થવાની મજા જ અલગ હોય છે.

# આવતીકાલથી નારાયણી હાઈટસ ખાતે 'પિંડ દા ચસ્કા' પંજાબી ફૂડ ફેસ્ટીવલ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર પાસે ભાટ ગામે આવેલ નારાયણી હાઈટસ ખાતે તા. ૧૨મી નવેમ્બરથી ૧૫મી નવેમ્બર દરમિયાન 'પિંડ દા ચસ્કા' પંજાબી ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ દરમિયાન નારાયણી ખાતે ખાસ પ્રકારના પંજાબી ગ્રામ્ય સંસ્કૃતિના માહોલને ખડો કરવામાં આવ્યો છે. જયાં પંજાબના લોકસંગીતના લાઈવ પ્રેઝન્ટેશન સાથે ગ્રાહકોને પંજાબી સ્વાદનો ચસ્કો માણવાનો અવસર પુરો પડાશે. આ ઉત્સવમાં નારાયણી હાઈટસના હેડ શેફ સતીષ ફાગનની ટીમ દ્વારા ખાસ તૈયાર કરાયેલ ૫૧ વાનગીઓ સ્વાદના શોખીનોને પીરસવામાં આવશે.

**ચાર દિવસ માટે રોજ સાંજે ૭ વાગ્યાથી ફુડ ફેસ્ટીવલ ઉજવાશે પંજાબી ગ્રામ્ય સંસ્કૃતિની થીમ પર તૈયાર કરાયેલ માહાલોમાં લાઈવ પંજાબી લોકસંગીત સાથે ૫૧ વાનગીઓ પીરસાશે**

નારાયણી હાઈટસ દ્વારા અગાઉ પણ પંજાબી ફૂડના શોખીનો માટે ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે આ વખતના ઉત્સવમાં અલગ જ રીતે આયોજન કરાયું છે. જેમાં પનીરની વાનગીઓના બદલે પંજાબી ગ્રામ્ય સંસ્કૃતિના ટેસ્ટને ધ્યાનમાં રાખીને ખાસ પ્રકારની વાનગીઓ તૈયાર કરાઈ છે. આ વાનગીઓની પસંદગીમાં પંજાબના વિવિધ તમામ ક્ષેત્રોને આવરી લેવાયા છે તેવું નારાયણી હાઈટસના જનરલ મેનેજર સંજય પાટીલે જણાવ્યું હતું. આ વાનગીઓ વિશે માહિતી આપતા નારાયણીના શેફ સતીષ ડ્રાગને જણાવ્યું હતું કે લુધિયાણામાં ટામેટાની ખટાશ સાથે મરચાંની તિખાશનું મિશ્રણ કરવામાં આવે છે જયારે સાઉથ પંજાબમાં મીઠી વાનગીઓ બને છે તેમણે તૈયાર કરેલી વાનગીઓમાં આ દરેક પરંપરાનું ખાસ ધ્યાન રાખ્યું છે.

પિંડ દા ચસ્કા પંજાબી ફુડ ફેસ્ટીવલ દરમિયાન પિરસવામાં આવનાર વાનગીઓમાં શકુન્દર ગાજર કા શોરબા, બાર-બે-કયુ સોયાબીન્સ ચાય, કચ્ચા ગુલ્લા લુધિયાણા મસાલા, સરસોં દા કોફતા ઈન સરસોંદા સાગ, કલોંજી સ્ટફડ કરેલા મસાલા, પંજાબી કઢી વીથ પાલક પકોડા, સોજી દા હલવા, ફન પિસ્તા ગુલાબ જામુન અને લસ્સીની વેરાયટીઓનો સમાવેશ થાય છે. કુલ ૫૧ પ્રકારની વિવિધ વાનગીઓમાં અનેક વાનગીઓ શોખીનો માટે સરપ્રાઈઝ સમાન હશે. નારાયણી હાઈટસ દ્વારા આ ફુડ ફેસ્ટીવલ માટે 'ટેરેસ' પર ખાસ આયોજન કરાયું છે. જેમાં સમગ્ર ટેરેસને પંજાબી ગ્રામ્ય સંસ્કૃતિના માહોલ સમો સજાવી લાઈવ પંજાબી નૃત્યો અને લોકસંગીત પણ રજુ કરાશે. સાંજે ૭ વાગ્યાથી યોજાનારા આ ફુડ ઉત્સવમાં વયસ્કો માટે રૂ. ૫૯૯ તથા બાળકો માટે રૂ. ૪૯૯નો ભાવ રાખવામાં આવ્યો છે જેમાં તમામ વાનગીઓ બુફે સ્વરૂપે પીરસવામાં આવશે.